**તા. ૨૧/૧૧/૨૫ : "પુસ્તક બોલે છે" કાર્યક્રમ અંતર્ગત કે. જે. ચોકસી, ભરૂચ મુકામે ધો. ૯/અ ના ૭૨ વિદ્યાર્થીઓની સાથે લાઇબ્રેરીમાં ૫૫૦૦૦ જેટલા વિવિધ વિષયો, ભાષા આધારિત પુસ્તકો જોયા અને બોલતું "ભગવત ગીતા" નું પુસ્તક વિદ્યાર્થીઓએ જોયું અને સાંભળ્યું.** વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષક મનિષાબેન જે.જાદવ અને મયુરીકાબેન કે.પટેલ પણ જોડાયાં હતાં.





# આચાર્ય / શિક્ષક પ્રવૃત્તિઓ

તા. ૧૫/૩/૨૫ : VTV NEWS દ્વારા આયોજીત ભરૂચની મહિલા અગ્રણીઓના સન્માન કાર્યક્રમમાં Best Teacher in Bharuch ની કેટેગરી માટે શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલને સર્ટિફિકેટ અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

તા. ૨૭/૩/૨૫ : અમદાવાદ "ઇન્દ્રપ્રસ્થ" મુકામે પ્રજાપતિ બ્રહ્માકુમારી દ્વારા યોજાયેલ સ્ટેટ લેવલ શિક્ષણ વિંગની મીટીગમાં શાળાના શિક્ષક શ્રી ચીમનભાઇ પરમારનું "શ્રેષ્ઠ શિક્ષક" તરીકે સન્માન કરવામાં આવ્યું.

તા. ૪/૪/૨૫ : ના રોજ મહિલા સંગઠન સમિતિ દ્વારા આયોજિત સનાતન ધર્મ સંરક્ષણ કાર્યક્રમ ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ, શિક્ષિકાઓ શ્રીમતી વંદનાબેન ભાભોર તથા શ્રીમતી ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૬/૬/૨૫ રૂંગટા વિદ્યા ભવન ખાતે ભરૂચ જીલ્લા શિક્ષણાધીકારી કચેરી દ્વારા યોજાયેલ શાળા પ્રવેશોત્સવની ઉજવણી શાળા વ્યવસ્થાપનમાં વધુ સઘનતા કેળવવા અંગેની માર્ગદર્શન બેઠકમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા.

તા. ૨૨/૭/૨૫ : NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડયુલનો અનુવાદ કરવા માટે જીલ્લા શિક્ષણ તાલીમ ભવન,ભરૂચ ખાતે શાળાના શિક્ષક શ્રી ચીમનભાઇ પરમાર હાજર રહ્યા.

તા. ૨૮/૭/૨૫ : Deo કચેરી ભરૂચ ખાતે સંસ્કૃત મહોત્સવ અંતર્ગતની મિટીગમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા.

તા. ૩/૯/૨૫ : અદાણી ગ્રુપ ઓફ કંપનીઝના ઉડાન કાર્યક્રમ અંતર્ગત શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ દહેજ ખાતે આવેલ અદાણી પોર્ટની મુલાકાત લીધી.





તા. ૮/૯/૨૫ : DIET ભરૂચ ખાતે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫-૨૬ અંગેની સંકલન બેઠકમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા.

તા. ૧૩/૯/૨૫ : નારાયણ બાપુના આશ્રમ ખાતે RSS દ્વારા આયોજીત "શત્રુબોધ" કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ હાજર રહ્યા હતા.

તા. ૨૨ થી ૨૪/૯/૨૫ : STTI ગાંધીનગર ખાતે યોજાયેલ જીવવિજ્ઞાન વિષય લક્ષી ત્રીદિવસીય ટ્રેનીગમાં શાળાના શિક્ષિકા શ્રીમતી જ્યોતિબેન મજિઠિયા હાજર રહ્યા હતા.

તા. ૨૬/૯/૨૫ : જીનવાલા સ્કુલ, અંકલેશ્વર ખાતે યોજાયેલ AI બેઇઝ એજયુકેશનની માર્ગદર્શન મિટીગમાં આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહીલ તથા શિક્ષકશ્રી પરેશભાઇ પટેલ અને કલાર્કશ્રી અર્જુનભાઇ સોલંકી હાજર રહ્યા હતા.